આપણું પોતાનું અખબાર

જેટલું અધિક વિચારો,
એનાથી અલ્પ બોલો અને
એનાથી પણ ઓછું લખો
- ક્વાટ્રોચી

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૨૫૩ | ૨૩ નવેમ્બર, ૨૦૧૨, શુક્રવાર; કારતક સુદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ભાજપના ૮૪ ઉમેદવારોની જાહેરાત

## નરેન્દ્ર મોદી મણિનગરથી જ ચૂંટણી લડશે : ભાજપ કેન્દ્રિય ચૂંટણી સમિતિએ ગુજરાત ભાજપ દ્વારા રજુ કરાયેલ યાદીને કોઈ નોંધપાત્ર ફેરફાર વગર મંજુર કરાઈ


અમદાવાદ, તા. ૨૨

ગુજરાત વિધાનસભાની પ્રથમ તબક્કાની ૧૩મી ડિસેમ્બરના રોજ યોજાનારી ચૂંટણી માટે ભારતીય જનતા પાર્ટીએ આજે કુલ ૮૭ બેઠક માટે ૮૩ ઉમેદવારોના નામ જાહેર કર્યા હતા. જ્યારે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને મણિનગરની બેઠક માટે ઉમેદવાર તરીકે પુનઃ જાહેર કરવામાં આવ્યા હતા.

વિધાનસભાની બે તબક્કામાં ૧૩ અને ૧૭મી ડિસેમ્બરના રોજ યોજાનારી ચૂંટણી માટે ભારતીય જનતા પાર્ટીએ લાંબી રાજકીય કવાયત હાથ ધરીને તમામ ૧૮૨ સંભવિત ઉમેદવારોના નામની યાદી તૈયાર કરી હતી. આ યાદી લઈ આજે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી ભાજપના રાષ્ટ્રીય ઉપપ્રમુખ પરષોત્તમ રૂપાલા, ભાજપના પ્રદેશપ્રમુખ આરસી ફળદુ તથા સંગઠન મહામંત્રી ભીખુભાઈ દલસાણિયા દિલ્હી પહોંચ્યા હતા. જ્યાં કેન્દ્રિય ચૂંટણી સમિતિની મોડી સાંજે મળેલી બેઠક સમક્ષ આ તમામ નામોની યાદી રજુ કરી હતી. તેને ભાજપના હાઈકમાન્ડે કોઈ પણ નોંધપાત્ર સુધારા-વધારા કર્યા સિવાય મંજુર કરી હતી અને રાત્રે કોઈ પણ પ્રકારનો આંતરકલહ ન સર્જાય અને તેનો રાજકીય લાભ કોંગ્રેસ અને ગુજરાત પરિવર્તન પાર્ટી લઈ ન જાય તે માટે ફૂંકી ફૂંકીને ચાલવાનું વધુ પસંદ કર્યુ હતુ. જેના નિષ્કર્ષરૂપે વિધાનસભાની ચૂંટણીમાં પ્રથમ વાર પ્રથમ યાદીમાં મોટાભાગના પ્રધાનો તથા ધારસભ્યોને ફરી ટિકિટ આપવામાં આવી છે. નરેન્દ્ર મોદીના આ ચોંકાવનારા રાજકીય ગણિતથી પ્રતિસ્પર્ધી પક્ષના માંધાતાઓ ભારે દિગમુઢ થઈ ગયા છે અને સામાન્યરીતે નરેન્દ્ર મોદીની ચૂંટણીલક્ષી રાજકીય માનસિકતા 'નો રિપિટ થિયરી'ની રહી હોવાથી ભાજપના આગેવાનો ઉપરાંત કોંગ્રેસ અને ગુજરાત પરિવર્તન પાર્ટીના આગેવાનોને ચોક્કસપણે એમ લાગતું હતુ કે આ વખતે પણ ઘણા ધારાસભ્યો અને પ્રધાનોને ભાજપ ટિકિટ નહીં આપે અને તેનો સીધો ફાયદો ઉઠાવી લેવાની પ્રતિપક્ષોએ રાજકીય ગણતરી સેવી હતી. પરંતુ મોદીએ નવો રાજકીય દાવ ખેલી વિરોધીઓના ગણિત ખોટા પાડી દીધા હોવાનું ભાજપના વર્તુળોમાં ચર્ચાઈ રહ્યુ છે. અલબત્ત, પ્રથમ તબક્કાની યાદી જાહેર થતા કેટલાક ગણ્યા ગાઠ્યા પ્રધાનો તથા

● અનુસંધાન પાન-૭ પર




કુલ ૧૮૨ બેઠક પૈકી ૮૪ ઉમેદવારોના નામની સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી. જેમાં ૮૩ ઉમેદવારો પ્રથમ તબક્કાની ચૂંટણી માટે જાહેર કર્યા હતા.

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતનું શાસન સંભાળ્યુ ત્યારબાદ આવેલી વિધાનસભા તથા મહાનગર પાલિકાઓની ચૂંટણીમાં મોટાભાગે નો રિપિટ થિયરી અપનાવી ભાજપને જ્વલંત સફળતા અપાવી હતી. જ્યારે આ વખતે નરેન્દ્ર મોદીએ ભાજપમાં


## ખોવાયેલ છે

ચાવીનું પાકીટ ખોવાયેલ છે.

સેક્ટર-૩૦ની આજુબાજુના વિસ્તારમાં જાણકારી આપનાર અથવા પહોંચાડનારને યોગ્ય ઈનામ આપવામાં આવશે.

સંપર્ક : ૯૪૨૯૬ ૨૨૮૨૧
૯૪૨૬૫ ૭૨૬૨૧


આજથી....
ચૂંટણીના માહિતીપ્રદ સમાચારો પાન નં.-૪ અને પાન નં.-૫ પર


## ગાંધીનગર તાલુકા ક્ષત્રિય ઠાકોર સમાજ

સ્નેહમિલન સમારંભ

હાર્દિક આમંત્રણ

આ પ્રસંગે સ્વરૂચિ ભોજન સાથે લઈશું.

: નિમંત્રક :

સમસ્ત ગાંધીનગર તાલુકા ક્ષત્રિય ઠાકોર સમાજ


### સવારે ભાજપમાં જોડાયા અને સાંજે જ ટિકિટ મળી

અમદાવાદ, તા. ૨૨

ગુજરાત વિધાનસભાની ચૂંટણી જીતવા તથા વધુમાં વધુ બેઠકો મેળવવા મુખ્યત્વે ભાજપ તથા કોંગ્રેસ સહિત મોટાભાગના રાજકીય પક્ષોએ તમામ મૂલ્યોને નેવે મૂકી દીધા હોવાનું જાણવા મળે છે.

સહુથી વધુ અચરજ પમાડે તેવી ઘટનામાં આજે સવારે જ ભાજપમાં જોડાયેલા ખંભાળીયા પૂર્વ ધારાસભ્ય સ્વ. હેમંતભાઈ માડમની પુત્રી પુનમબેન માડમને ભાજપે મોડી સાંજે ખંભાળિયા બેઠક પરથી ટિકીટ આપી હોવાથી સત્તાવાર જાહેરાત કરી હતી. કોંગ્રેસ અને ભાજપની આ રાજકીય લીલાએ ફરી એકવાર 'હમામ મે સબ નંગે હૈ' તેની મતદારોને પ્રતિતિ કરાવી છે.

### ગાંધીનગરના બે આગેવાનો ઉમેદવારોની યાદીમાં

**બ્રિજેશ મેરજા મોરબીમાંથી તો પૂનમ મકવાણા દસાડામાંથી જંગ લડશે**

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગરના બે રહીશોને ભાજપ અને કોંગ્રેસની પ્રથમ યાદીમાં સમાવેશ થતાં શહેરના રાજકીય આગેવાનોમાં આનંદનું મોજુ પ્રસરી જવા પામ્યું છે.

ગઈકાલે કોંગ્રેસ પક્ષે જાહેર કરેલ ઉમેદવારોની યાદીમાં બ્રિજેશ મેરજાનો મોરબી બેઠક માટે સમાવેશ થયો હતો જ્યારે ભાજપની આજે પ્રસિદ્ધ થયેલ યાદીમાં બેચરસ્વામી અતિપછાત જાતિ વિકાસ નિગમના ચેરમેન શ્રી પૂનમભાઈ કે. મકવાણાનો સમાવેશ કરાયો છે.

સુરેન્દ્રનગર જિલ્લાની દસાડા બેઠક પર ગાંધીનગરના શ્રી પૂનમભાઈ મકવાણા બીજા દિગ્ગજ છે જે ચૂંટણી લડવા જઈ રહ્યા છે. અગાઉ આ બેઠક પર શ્રીમતિ ચંદ્રાબેન શ્રીમાળી ૧૯૮૫માં લડ્યા હતા અને વિજયી થયા હતા.


ગાંધીનગરમાં પ્રથમ વખત ઘ-૫ ખાતે ભવ્ય ઉત્સવ

Deep Utsav

બાલનગરી

હેન્ડલુમ-હેન્ડીક્રાફ્ટ પ્રદર્શન

છેલ્લા 3 દિવસ

ભારતના વિવિધ પ્રાંતોના કુશળ કારીગરો દ્વારા બનાવેલી આકર્ષક હસ્તકલાની વસ્તુઓનું પ્રદર્શન

TIME : 11 A.M. to 10 P.M.

હેન્ડીક્રાફ્ટ ● ટેક્સટાઈલ ● હેન્ડમેડ પ્રોડક્ટસ ● ટેરાકોટા ● જ્વેલરી

ઘ-૫ સર્કલ, ઓપન એર થિયેટર, સે.૧૬ ગાંધીનગર



CAGનો અહેવાલ

## ગુજરાતમાં રૂા. ૪૩,૨૭૮ કરોડનો ભ્રષ્ટાચાર

ઉપરાંત અન્ય ૧૭ કિસ્સામાં થયેલા રૂા. ૧ લાખ કરોડના ભ્રષ્ટાચાર છતાં, છેલ્લા ૮ વર્ષથી ગુજરાતમાં લોકાયુક્તની નિમણુંક કરાતી નથી

ભાજપ સરકારે એવું શું છૂપાવવાનું છે કે, લોકાયુક્તથી ડરે છે?

GSPC મોંઘો ગેસ ખરીદી સસ્તામાં ખાનગી કંપનીને વેચવાનું કૌભાંડ

| | | | |
|---|---|---|---|
| સુજલામ-સુફલામ નહેર કૌભાંડ | એગ્રીકલ્ચર યુનિ.ની જમીન હોટલને વેચી નાંખી | ગણવેશ ખરીદી કૌભાંડ | રૂા. ૪૦૦ કરોડનું ફીશરીઝ કૌભાંડ |
| સ્વાન એનર્જી કૌભાંડ | પશુઓના ખોરાકમાં ભ્રષ્ટાચાર | ગરીબોને અપાતા લોટમાં ભ્રષ્ટાચાર | ઉદ્યોગોને રૂા. ૧ના ભાવે જમીન લૂંટાવવાનું કૌભાંડ |

ભાજપનો ઉઘાડો પડયો છે દંભ
આ છે હવે અંતનો આરંભ